*This information (13) on the Genetic Clinic is in Gujarati*

# જીનેટિક ચિકિત્સાલય

(અંગ્રેજીમાં Genetic Clinic)

## જીનેટિક માર્ગદર્શન એટલે શું?

જીનેટિક માર્ગદર્શન (genetic counselling) એક ઔષધીય પેટાશાખા છે જે એકજ પરિવારોના અલગ અલગ વંશોને અસર કરતી સ્થિતિઓમાં તદવિદતા ધરાવે છે. આ વારસાગત અથવા જીનેટિક (genetic) સ્થિતિઓ છે.

## જીનેટિક માર્ગદર્શનની જરૂર કોને પડે છે?

જે વ્યક્તિઓને ડર હોય કે કદાચ તેમના પરિવારમાં જીનેટિક સ્થિતિ હોય તેઓ માટે આવા સલાહ-માર્ગદર્શન ઘણાંજ મદદરૂપ થશે.જે લોકોને તેઓ ના પરિવારની જીનેટિક સ્થિતિ વિશે વધુ માહિતી જોઇતી હોય તેમના માટે મુલાકાત કદાચ લાભદાયક રહેશે.

બીજાઓ જેઓ ને આવા ચિકિત્સાલયનો સંર્પક સાધવા જણાવાય, તેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- જે માતા પિતાઓને ગર્ભપાત અથવા સ્ટીલબર્થ થયેલા હોય
- શિશુ અવસ્થામાં જેમના બાળકનું મૃત્યુ થયુ હોય એવા લોકો
- જે બાળકો નો વિકાસ ધીમો હોય
- જેઓ જીનેટિક સ્થિતિ ધરાવતા હોય અથવા જેમનું ચિકિત્સકીય નિદાન ન થયું હોય

## આપની મુલાકાત પહેલા

આપના પરિવાર નાં બધા વ્યક્તિઓના ચિકિત્સકીય નિદાનોની વિગતો લાવવા થી જીનેટિક ચિકિત્સાલય ને વધુ મદદ મળશે. જો તેવું હશે તો અમે અમારા માટે જરૂરી વિગતો માંગતું પત્રક સાથે જોડીશું. જોકે અમને ખબર છે કે આવી સંપૂર્ણ વિગતો કદાચ હમેશાં ન મળી સકે. અમે આપની મંજુરી વિના આપના સગા સંબંધીઓને નહીં મળીએ.

જો આપ હાલમાં ઉપસ્થિત ન હોય એવા કોઇ સગા-સંબંધીની ચિકિત્સકીય સ્થિતી બાબતે ચિંતિત હો તો આપ એમની છબી ક્લિનીકમાં સાથે લાવો તે મદદરૂપ થઇ શકશે. જો કોઇ બાળક માટે સલાહ લેવાની હોય, જેને જીનેટિક સ્થિતિ હોઇ શકે, તો તેના અને તેના માતા-પિતાના શરુઆતના ફોટા લાવવા મદદરૂપ થઇ શકે.

## મારી મુલાકાત દરમ્યાન શું થશે?

આ ચિકિત્સાલયમાં નિષ્ણાત ચિકિત્સકો, નર્સ અને જીનેટિક સલાહકારો હોય છે જે આપને સચોટ અને છેલ્લામાં છેલ્લી માહિતી આપશે.

આ મુલાકાતો લગભગ 45 મિનિટની હોય છે. આ સમય દરમ્યાન આપની ચિંતાઓની ચર્ચા કરવામાં આવશે અને આપનું વંશવૃક્ષ બનાવવા માટે સમય ફાળવવામાં આવશે. આપને આપની જીનેટિક સ્થિતિ વારસામાં મેળવવાની કે આપવાની શું શક્યતા છે તે જાણવાની ઇચ્છા હોઇ શકે. આપને કોઇ નિદાનની ખાત્રી કરવા માટે કરાતા પરીક્ષણો, અથવા ગર્ભાવસ્થા દરમ્યાન કરવામાં આવતા પરીક્ષણો વિશે પ્રશ્નો હોઇ શકે. આ બધા જ મુદ્દાઓની સમજી શકાય એવી ભાષામાં ચર્ચા કરવામાં આવશે.

## શું મારી મુલાકાત દરમ્યાન કોઇ પરીક્ષણો કરવામાં આવશે?

કેટલીક વાર અમારે આપના રક્તનો નમૂનો લેવાની જરૂર પડી શકે પરન્તુ પહેલી મુલાકાત દરમ્યાન અમે બીજા કોઇ પરીક્ષણ કરીએ એવી શક્યતા નથી. જો અમને લાગશે કે બીજા પરીક્ષણો મદદરૂપ થશે તો અમે આપની સાથે ચર્ચા કરીને આપની મંજૂરી સાથે તેની વ્યવસ્થા કરીશું.

## મને મુલાકાત ક્યાં આપવામાં આવશે?

જીનેટિક વિભાગ અનેક જુદી જુદી હોસ્પીટલોમાં ચિકિત્સાલયો યોજે છે. મોટાભાગે આપના ઘરથી સૌથી નજીકના ચિકિત્સાલયમાં આપની મુલાકાત ગોઠવાઇ શકશે.

**જો આપને દુભાષિયા જેવી કોઇ વધારાની મદદની આવશ્યક્તા હોય તો અમને પહેલેથી જણાવો, અને અમે તેની વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરીશું.**

## હું બધું યાદ કેવી રીતે રાખીશ?

આપની મુલાકાત પછી મુલાકાત વખતે જે વિષયોની ચર્ચા કરવામાં આવી તેની બધી વિગતો અંગ્રેજી ભાષામાં સંક્ષેપમાં આવરી લેતો પત્ર આપને મળશે. ક્લિનીક પાસે થોડી માહિતી ગુજરાતી ભાષામાં પણ છે જે યોગ્ય અને બરાબર હશે તો તમને આપવામાં આવશે.

**છેવટે ...**

ઘણીવાર આવા જીનેટિક માર્ગદર્શન માટે આવતા લોકો જતી વખતે વધુ નિશ્ચિન્ત થાય છે. તો ઘણાં લોકોને અઘરા નિર્ણય લેવાના હોય છે. આમાં કોઇ ખાસ પરીક્ષણ કરાવવું કે કેમ અથવા સગાં સંબંધીઓ અને બાળકોને શું કહેવું વગેરેનો સમાવેશ થાય છે.

અમને આશા છે કે અમે આપને આ નિર્ણય લેવામાં મદદરૂપ થાય એવી માહિતી આપી શકીશું. અમે આપને શું કરવું અથવા શું ન કરવું તે બાબતે સલાહ નહીં આપીએ. પરંતુ અમે આપની સાથે બધા વિકલ્પોની ચર્ચા કરી આપને મદદ અને સહાય આપવા હંમેશા ઉપલબ્ધ છીએ.

આપ જ્યારે મળવા આવો તે વખતે આપની સમસ્યાઓ અને પ્રશ્નો સાથે તૈયાર થઇને આવજો. ઇચ્છા થાય તો તેમને લખી રાખશો. અમે તેમનો જવાબ આપવાનો પ્રયત્ન કરીશું.

આપે આ માહિતી વાંચી તે બદલ ધન્યવાદ અને આશા છે આપણે રૂબરૂ મળીશું.

આ આવૃતિને જુલાઇ 2005 માં બનવવામાં આવી હતી
*This edition prepared July 2005* *Ref 13*

## શબ્દાવલિ (હ્રઅઘરા શબ્દો અને તેના અર્થોહ): જીનેટિક ચિકિત્સાલય

આ શબ્દાવલિ, ફકત માહિતીમાં ઉપયોગમાં લેવાયેલ શબ્દોને સમજાવવા માટે જ છેઃ
હંટિંગટન્સ રોગ અને લક્ષણ પૂર્વપરીક્ષણ **બોલ્ડમાં** દર્શાવેલ શબ્દોની વ્યાખ્યા, શબ્દાવલિમાં બીજે કયાંક કરેલ છે.

**કૌટુંબિક વૃક્ષ (family tree).** તમારા કુટુંબમાં કોને **જીનેટિક** ક્ષતિ છે અને કોને નથી અને તેઓ તમારી સાથે તથા એક બીજા સાથે કેવી રીતે સંકળાયેલ છે તે દર્શાવતી આકૃતિ.

**જનીન (gene).** શરીરે કામ કરવા માટે જરૂરી સૂચનાનો **રંગસુત્રો** પર રાસાયણિક સ્વરુપે સંગ્રહિત હોય છે. જનીનોમાં બદલાવ સૂચના બદલે છે અને શરીર જે રીતે કામ કરે તેમાં બદલાવ આણી શકે છે. મોટાભાગનાં જનીનો જોડીમાં હોય છે. એક માતા પાસેથી અને એક પિતા પાસેથી મળે છે. (સરખામણી તરીકે રંગસુત્ર પુસ્તકની વાર્તા જેવું છે જનીન એ પુસ્તકની વાર્તા જેવું છે. જનીનમાં બદલાવ વાર્તાના બદલાવ જેવો છે.)

**જીનેટિક (genetic).** **જનીન**થી પેદા થયેલ **જનીન**ને લગતું.

**જીનેટિક સલાહ (genetic counselling).** જેમના કુટુંબમાં **જીનેટિક** સ્થિતિનો ઇતિહાસ હોય અથવા **જીનેટિક** સ્થિતિ વારસાગત પ્રાપ્ત થવા કે પસાર થવા અંગેના જોખમ સાથે સંબંધિત હોય તેવા લોકો માટે માહિતી અને સહાય.

**જીનેટિક સલાહકાર (genetic counsellor).** પોતાના કુટુંબમાં **જીનેટિક** સ્થિતિનો ઇતિહાસ હોય અથવા **જીનેટિક** સ્થિતિ વારસામાં મળવાના કે આગળ પસાર થવાના જોખમ સાથે સંબંધિત હોય તેવા લોકોને સલાહ અને સહાય આપનાર તજ્જ્ઞ.

**કસુવાવડ (miscarriage).** ગર્ભાશયની બહાર આવીને બાળક હયાત રહી શકે તે પહેલાં ગર્ભાવસ્થાની વહેલી સમાપ્તિ.

**મૃત બાળકનો જન્મ (stillbirth).** બાળક મૃત જન્મે છે.

### આ પારિભાષિક શબ્દાવલિ તે જેનો ઉલ્લેખ કરે છે તે જનીન માહિતી ધરાવતાં દર્દીઓ અને કુટુંબોના ઉપયોગ માટે જ અપેક્ષિત છે.

આ આવૃતિ તૈયાર થઇ(જુલાઇ 2005)
*This edition prepared July 2005* *Ref Glossary 13*